


# NRG TIMES

A FORTNIGHTLY NEWSLETTER FROM NRGS' FOUNDATION

CONNECTING GUJARATIS' DIASPORA GLOBALLY

પ્રકાશક : એનઆરજી ફાઉન્ડેશન, ગાંધીનગર

તા. માર્ચ ૧૫, ૨૦૨૧ • ફાગણ સુદ ૨, સંવત ૨૦૭૭


Gujarat State Non-Resident Gujaratis' Foundation
(A Government of Gujarat Organization)



Shri Vijay Rupani
Hon'ble Chief Minister
Gujarat State



Shri Nitin Patel
Hon'ble Deputy Chief Minister, Gujarat State



Shri Pradipsinh Jadeja
Hon'ble Minister of State for NRGs (Independent Charge), Govt. of Gujarat



Shri Dhananjay Dwivedi(I/C), IAS
Hon'ble Chairman, GSNRGF
Secretary (NRI),
Govt. of Gujarat



Shri V. K. Jadav
Director
GSNRGF

# પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી દ્વારા 'આઝાદીના અમૃત મહોત્સવ'નો અમદાવાદથી આરંભ

ભારતની આઝાદીના ૭૫મા વર્ષની ઉજવણી એટલે 'આઝાદીના અમૃત મહોત્સવ'નો અમદાવાદથી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ પ્રારંભ કરાવ્યો હતો અને આ સાથે જ સમગ્ર દેશમાં આઝાદીના ૭૫ વર્ષની ઉજવણીનો પ્રારંભ થયો છે. અમદાવાદના સાબરમતી આશ્રમ ખાતેથી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ દાંડી પદયાત્રાને લીલીઝંડી બતાવી છે. આ પદયાત્રા સાબરમતી આશ્રમથી દાંડી સુધી જશે.



વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી ૧૨મી માર્ચે આઝાદીના અમૃત મહોત્સના પ્રારંભ માટે અમદાવાદ આવી પહોંચ્યા હતા. અમદાવાદ આવી તેઓ સાબરમતી આશ્રમ ગયા હતા જ્યાં તેમણે મહાત્મા ગાંધીની પ્રતિમાને સુતરની આંટી અને પુષ્પાંજલી અર્પણ કરી હતી. ત્યાર બાદ અભયઘાટ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમમાં હાજરી આપી અને તેમણે પોતાનું સંબોધન કર્યું હતું. સંબોધન બાદ વડાપ્રધાનશ્રીએ દાંડી પદયાત્રાને ફ્લેગઓફ કર્યું. પ્રધાનમંત્રીશ્રીની સાથે ગુજરાતના મહામહિમ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી પણ ઉપસ્થિત રહ્યા હતા. આ દાંડી યાત્રામાં ૮૧ ગાંધી-અનુયાયીઓ જોડાયા છે અને ૧૯૩૦માં ઐતિહાસિક દાંડીયાત્રા સમયે મહાત્મા ગાંધીએ જે માર્ગો પર આ યાત્રા યોજી હતી એના પર જ આ યાત્રા આગળ વધશે.

કાર્યક્રમમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ઉત્તરથી દક્ષિણ સુધીના દેશના તમામ સ્વાધિનતા સેનાનીઓને યાદ કર્યાં. તેમણે કહ્યું, આજે આઝાદીના અસંખ્ય બલિદાનોની ઉર્જા સમગ્ર ભારતમાં એક સાથે પુનર્જાગૃત થઈ રહી છે. દેશના સ્વાધિનતા સંગ્રામમાં પોતાનું બલિદાન આપનારી વિભૂતિઓને નમન. દેશનો દરેક નાગરિક આ ઉત્સવનો ભાગ બને તેમ વડાપ્રધાનશ્રીએ આગ્રહ કર્યો હતો. આ મહોત્સવ ૭૫ અઠવાડિયા સુધી ચાલશે.

મીઠાના સત્યાગ્રહને લઈને વડાપ્રધાન શ્રી મોદીએ કહ્યું કે, આપણે ત્યાં મીઠાને તેની કિંમતથી નથી આંકવામાં આવ્યું, મીઠાનો અર્થ છે વફાદારી, આજે પણ આપણે કહીએ છીએ કે દેશનું નમક ખાધું છે. નમક શ્રમ અને સમાનતાનું પ્રતીક છે. રાષ્ટ્ર યજ્ઞમાં સંકલ્પ લઈને આપણી ભૂમિકા ભજવીએ. અમૃત મહોત્સવમાં પાંચ સ્તંભોને મહત્વ આપવામાં આવ્યું છે. આઝાદીનો અમૃત મહોત્સવ રાષ્ટ્રના જાગરણનો મહોત્સવ છે. દેશના તમામ નાગરિકો અમૃત મહોત્સવના ભાગ હોવા જોઈએ. આપણે દેશ માટે એક ડગલું આગળ વધીશું તો દેશ ૧૩૦ કરોડ ડગલાં આગળ વધશે.

(source: www.gujaratsamachar.com)





**Contact Address**

Gujarat State Non-Resident Gujaratis' Foundation
Block No. 16, 3rd Floor,
Udhyog Bhavan, Sector - 11,
Gandhinagar.

Phone : +91-79-23238278

E-mail : nrgfoundation@yahoo.co.in

www.facebook.com/GSNRGF



FOR PRIVATE CIRCULATION ONLY


વહાલા બિન નિવાસી ગુજરાતી મિત્રો,
NRG Times માટે આપનો પ્રતિભાવ તેમજ કોઇ સુચન હોય તો મોકલી આપવા વિનંતી છે. જેથી આપના માટે પ્રકાશિત થતાં આ મેગેઝીનને વધુ ઉપયોગી બનાવી શકાય.

## ગુજરાતી વણિક મહિલા સમાજની કેન્દ્રીય મહિલા સમિતિના રાષ્ટ્રીય અધ્યક્ષ બનતા વિનિતા શાહ



લાયન્સ ક્લબ ઓફ જમશેદપુરના પૂર્વ પ્રમુખ વિનિતા શાહને હવે સમાજ માટે કામ કરવાની તક મળી છે. તેઓ ગુજરાતી વણિક મહિલા સમાજ (સમસ્ત શ્રી દશા સોરઠીયા વણિક સમાજ)ની કેન્દ્રીય મહિલા સમિતિના રાષ્ટ્રીય અધ્યક્ષ બન્યા છે. આ સંસ્થામાં ઝારખંડ, બિહાર, પશ્ચિમ બંગાળ, ઓડિશા, છત્તીસગઢ, આસામ, મિઝોરમ સિવાય ભૂટાનના ૪૫ સભ્યો છે, જેમાં વિનિતા શાહ ઉપરાંત પલક વખારીયા (રાષ્ટ્રીય ખજાનચી), મમતા સાંગાણી (કન્વીનર, કાયદાકીય સેલ) અને રીટા ધોળકિયા (સચિવ)નો સમાવેશ થાય છે. સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ સમાજની મહિલાઓ અને છોકરીઓને શિક્ષિત કરવા, કુટીર અને નાના ઉદ્યોગોને પ્રોત્સાહિત કરવા, વૃદ્ધોને આશ્રય આપવાની અને ઘરે મહિલાઓને ડિજિટલ શિક્ષણ પ્રદાન કરવાનો છે.

(Source : https://m.jagran.com)

## વી. પી. શાહ શ્રી ગુજરાતી મોઢ વણિક સમાજના અધ્યક્ષ ચૂંટાયા



મધ્યપ્રદેશના બુરહાનપુર ખાતે શનવારા સ્થિત ગુજરાતી ભવનમાં શ્રી ગુજરાતી મોઢ વણિક સમાજના અધ્યક્ષ માટેની ચૂંટણી ૨૧ ફેબ્રુઆરીએ યોજાઇ ગઈ. આમ તો સમાજના ૧૦ હજાર જેટલા મતદાતા છે પરંતુ કોરોનાને કારણે ઓછું મતદાન થયું હતું. જોકે યુવાનોની સાથે વૃદ્ધોએ પણ ઉત્સાહભેર મતદાન કર્યું હતું. જેમાં વી. પી. શાહે પોતાના પ્રતિસ્પર્ધી કમલેશ શાહને ૫૨૯ મતોથી પરાજિત કરી જીત મેળવી હતી. કુલ ૩૩૪૫ લોકોએ મતદાન કર્યું હતું.

(Source : www.patrika.com)

## શ્રી અખિલ રાજસ્થાન ગુજરાતી સમાજના અધ્યક્ષ બનતા જી.ડી.પટેલ




શ્રી અખિલ રાજસ્થાન ગુજરાતી સમાજની બેઠક ૨૧મી ફેબ્રુઆરીને રવિવારે શ્રી સ્વામિનારાયણ મંદિર, કોટા ખાતે મળી હતી. મહંત સ્વામી નારાયણમુનિદાસજી અને મહંત સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજસ્થાનના અન્ય શહેરોમાંથી સમાજના સભ્યો સપરિવાર જોડાયા હતા, તેઓનું કોટા સમાજ અને ટ્રસ્ટ દ્વારા સ્વાગત કરાયું હતું. સમગ્ર સમાજની પ્રગતિ માટે વિવિધ મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી હતી. ઉપરાંત સમાજની દ્વિવાર્ષિક ચૂંટણીમાં હાલના અધ્યક્ષ જી.ડી.પટેલને આજીવન અધ્યક્ષ બનાવવાનો નિર્ણય સર્વાનુમતે લેવાયો હતો. સાથે જ તેજસ્વી વિદ્યાર્થીઓને પુરસ્કાર આપવામાં આવ્યા હતા.

(Source : www.pressnote.in)

## મહિલાઓના સન્માનમાં મ્યુઝિકલ મેળાવડો



આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી અંતર્ગત ઈન્દોર શહેરમાં મશવરા વેલ્ફેર સોસાયટી દ્વારા એક વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. સમાજની નિસ્વાર્થ સેવા કરતી મહિલાઓને દિવાસ ઓફ ઈન્દોર એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા. આ એવોર્ડ દેશભરના પ્રખ્યાત ટ્રાફિક વોર્ડન નિર્મલા પાઠકના નામે શરૂ કરાયો હતો. કાર્યક્રમના મુખ્ય અતિથિ, સાંસદ શંકર લાલવાણી અને પ્રખ્યાત હોકી ખેલાડી અને કોચ મીરરંજન નેગીની ઉપસ્થિતમાં મહિલાઓને સન્માનીત કરવામાં આવ્યા હતા જેમાં દીપા મનીષ વ્યાસ (લેખક) અને શ્વેતા જોશી (શાસ્ત્રીય ગાયન) શામેલ છે.

(Source : www.naidunia.com)

## વેંકૈયા નાયડુએ કહ્યું - ગુજરાતીઓ આત્મનિર્ભર બનવામાં વિશ્વાસ રાખે છે



સુરત સરસણા કન્વેશન સેન્ટરના પ્લેટિનમ હોલમાં દક્ષિણ ગુજરાતના ઔદ્યોગિક જૂથોને સંબોધન કરતા ઉપરાષ્ટ્રપતિ શ્રી વેંકૈયા નાયડુએ કહ્યું હતું કે ગુજરાતીઓ બીજાઓ પર નિર્ભર નથી, પરંતુ પોતાને આત્મનિર્ભર બનાવવામાં વધુ વિશ્વાસ કરે છે. સુરતમાં હીરા ઉદ્યોગ આત્મનિર્ભરતાનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. તાજેતરમાં ઉપરાષ્ટ્રપતિએ દક્ષિણ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આયોજીત કાર્યક્રમમાં ભાગ લઈ ઉદ્યોગપતિઓને પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે કહ્યું કે ગુજરાતમાં સહકારી પ્રવૃત્તિઓની સફળતાનું મૂળ કારણ એ છે કે સમાજના વિશાળ વર્ગમાં તેની સરળતાથી પહોંચ છે.

(Source : www.bhaskar.com)

## ૭ અગ્રણી ભારતીય મહિલાઓનું અમેરિકામાં સન્માન

અમેરિકાના ન્યુયોર્કમાં ફેડરેશન ઓફ ઇન્ડિયન એસોશિએશન (FIA) ઓફ ન્યુયોર્ક, ન્યૂજર્સી કનેક્ટિકટ બરો પ્રેસિડેન્ટ ઓફિસ તથા ન્યુયોર્ક સ્થિત ભારતીય દૂતાવાસ કચેરીના સંયુક્ત ઉપક્રમે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી જે અંતર્ગત પોતાના વ્યવસાય તથા સમાજ માટે વિશિષ્ટ યોગદાન આપનાર ૭ ભારતીય મહિલાઓનું સન્માન કરાયું હતું જેમાં વડોદરાના નવચરણ એજ્યુકેશન સોસાયટીના અધ્યક્ષ તેજલ અમીન, નિર્માતા-અભિનેત્રી રશના શાહ, ડૉ. ઉમા રાણી, ડૉ. આભા જયસ્વાલ, નર્સ સુશ્રી રશ્મિ અગ્રવાલ, એટર્ની સબિના ધીલ્લોન અને માસ્ક સ્કવોડનો સમાવેશ થાય છે.

(Source : www.akilanews.com)

NRG TIMES
A FORTNIGHTLY NEWSLETTER FROM NRGS' FOUNDATION
CONNECTING GUJARATIS' DIASPORA GLOBALLY



NRG Gujarat State Non-Resident Gujaratis' Foundation (A Government of Gujarat Organization)



## બિન-નિવાસી ગુજરાતીઓને પ્રતિષ્ઠાન સાથે જોડાવા આહવાન

અત્યાર સુધીમાં અનેક બિન-નિવાસી ગુજરાતીઓ ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન સાથે જોડાઇ ચૂક્યા છે.

**આપ જોડાયા?**

જો આપ ન જોડાયા હોવ તો આજે જ આપનો ડેટાબેઝ (નામ અને સંપર્કની વિગતો) ઈ-મેઇલ (nrgfoundation@yahoo.co.in) દ્વારા, કુરિયર કે પોસ્ટ દ્વારા મોકલી ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન સાથે જોડાવા હાર્દિક આહવાન છે.



## ગુજરાતી સમાજ ભવન: ગુજરાત બહાર, ગુજરાતનું નિર્માણ


ભારતભરમાં ગુજરાતી સમાજ ભવન નિમાર્ણના કાર્યને પ્રોત્સાહન આપવાનો ગુજરાત સરકારનો ઉદ્દેશ છે. ગુજરાતી સમાજ ભવન દ્વારા ગુજરાતી સમુદાય પરસ્પર ગુજરાતી તરીકે પોતાના મૂળ સાથે જોડાયેલા રહે, એકબીજાને મદદરૂપ થાય તથા જે તે રાજ્યમાં જતા ગુજરાતી પ્રવાસીઓને ગુજરાતી માહોલ મળી રહે તેવી પ્રવૃતિઓ કરવામાં આવે છે.


ગુજરાત સરકાર દ્વારા ગુજરાતી સમાજ ભવનનું નિર્માણ તથા તેના સમારકામ માટે અન્ય રાજ્યોમાં આવેલા ગુજરાતી સમાજોને નાણાંકીય સહાય આપવા અંગેની યોજના અમલમાં મુકેલ છે. અત્યાર સુધીમાં ૧૬ જેટલા શહેરોના ગુજરાતી સમાજોએ આ સહાયનો લાભ લીધેલ છે.

## ગુજરાત કાર્ડ: ઓનલાઈન મેળવો



બિન-નિવાસી ગુજરાતીઓની ગુજરાત મુલાકાત યાદગાર બનાવવા ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન દ્વારા 'ગુજરાત કાર્ડ' એક આગવી ઓળખ આપવામાં આવે છે. વિદેશમાં વસતા તથા ભારતમાં ગુજરાત બહાર વસતા બિન-નિવાસી ગુજરાતીઓને રૂ.૨૨૫ અથવા ૫ (પાંચ) યુ.એસ. ડોલરની નજીવી કિંમતે ગુજરાત કાર્ડ આપવામાં આવે છે. આ કાર્ડ હવે પ્રતિષ્ઠાનની વેબસાઇટ www.nri.gujarat.gov.in પરથી ઓનલાઇન ફોર્મ ભરી સાથે જરૂરી દસ્તાવેજો જોડી તેમજ પેમેન્ટ ગેટ વે દ્વારા ઓનલાઇન ફી ભરી મેળવી શકાય છે.





## કોરોના કાળમાં 'વંદે ભારત મિશન' હેઠળ અન્ય દેશોમાંથી ૫૫ હજાર એન.આર.જી.ને પરત લવાયા

વિધાનસભામાં બજેટ સત્રના પ્રથમ દિવસે મહામહિમ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત દ્વારા વિધાનસભા ગૃહને સંબોધન કરવામાં આવ્યું હતું. તેઓએ જણાવ્યું હતું કે ૨૦૨૦નું આખું વર્ષ કોરોના મહામારી સામે લડવા માટે પસાર થયું. ૬૭ દિવસનું લોકડાઉન અને ત્યારબાદ અનેક મર્યાદાઓ વચ્ચે સરકારી તંત્રએ કરવાની થતી કામગીરી સારી રીતે પૂર્ણ કરી હતી. કોરોના મહામારી સમયે અન્ય દેશોમાં ગયેલા ભારતીયોને વંદે ભારત મિશન હેઠળ પરત લાવવાની કામગીરી હેઠળ ૪૩૮ ફ્લાઇટ અને એક નેવલ શીપ દ્વારા ૫૫૦૮૦ બિન નિવાસી ગુજરાતીઓને ગુજરાત પરત લવાયા હતા. તેમના સ્ક્રીનીંગ અને ક્વોરન્ટાઈન માટે વહીવટી તંત્ર દ્વારા પ્રશંસનીય કામગીરી કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે કોરોના બાદ વિદેશમાં ફસાયેલા ભારતીયોને પરત લાવવા માટે હાથ ધરાયેલા 'વંદે ભારત મિશન'માં ૬ હજારથી વધુ ફ્લાઇટ દ્વારા ભારતીયોને પરત લવાયા હતા. ભારતે તેના માટે ૨૪ દેશ સાથે એર ટ્રાન્સપોર્ટ બબલ કરાર કર્યો હતો. વિદેશથી પાછા લવાયેલ ભારતીયોમાં રાજ્યવાર જોઈએ તો કેરળના સૌથી વધુ નાગરિકો છે જ્યારે ગુજરાત ૧૦મા ક્રમે છે.

(સંદર્ભ : દિવ્ય ભાસ્કર - ૨.૩.૨૦૨૧, ગુજરાત સમાચાર - ૮.૨.૨૦૨૧)

## વર્ષ ૨૦૨૧-૨૨ના બજેટમાં માદરે વતન અને રૂર્બન યોજના માટે રૂપિયા ૧૪૦ કરોડની જોગવાઇ

ગુજરાતના નાયબ મુખ્યમંત્રી અને નાણામંત્રી શ્રી નીતિનભાઈ પટેલે નવમી વખત ૨૦૨૧-૨૨ના નાણાંકીય વર્ષનું બજેટ રજૂ કર્યું હતું. ગુજરાત રાજ્યની સ્થાપના પછી પ્રથમ વખત ૨.૨૭ લાખ કરોડ રૂપિયાનું બજેટ રજૂ કરાયું હતું. બજેટમાં આરોગ્ય, શિક્ષણ તેમજ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. આ બજેટમાં માદરે વતન અને રૂર્બન યોજના માટે રૂપિયા ૧૪૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

દેશ દુનિયામાં વસતા ગુજરાતીઓ પોતાના ગામ માટે કંઇ કરવાની ઇચ્છા પુરી કરી શકે અને તેમના દાન મારફતે ગામમાં સુવિધાઓ ઉભી થાય તે માટે રાજ્ય સરકારે બજેટમાં જાહેર કરેલી માદરે વતન યોજનાનો અમલ શરૂ કરાયો છે. આ યોજના હેઠળ દાતાઓ કામના કુલ ખર્ચના 50 ટકા રકમ આપશે તો તેમની તકતી મૂકાશે. બાકીની રકમ રાજ્ય સરકાર ઉઠાવશે.

આ યોજના હેઠળ ગામમાં પાકા રોડ, ચોરો, પંચાયત ઘર, સ્કૂલ, સ્કૂલના ઓરડા, સ્માર્ટ ક્લાસ, પીવાના પાણીની સુવિધા, એસટી પીકઅપ સ્ટેન્ડ, સ્મશાન ગૃહ કે કબ્રસ્તાન, આરોગ્ય કેન્દ્ર, કોમ્યુનિટી હોલ, આંગણવાડી, સ્ટ્રીટ લાઇટ, કચરા નિકાલની વ્યવસ્થા, લાયબ્રેરી, ગામનું પ્રવેશ દ્વારા વગેરે જેવા કામોનો સમાવેશ કરાયો છે.

ગુજરાત રાજ્યના ગ્રામ્ય વિસ્તારોનો સંતુલિત ધોરણે વિકાસ થાય તે માટે ગ્રામ્ય વિસ્તારમાં પાયાની માળખાકીય સુવિધાઓનું વ્યવસ્થિત માળખુ ઉભુ કરવા રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની ગ્રામીણ વિકાસની સામુહિક વિકાસની જુદી જુદી કલ્યાણકારી યોજનાઓ હાલ અમલમાં છે. આમ છતાં, સમયની સાથે વિકાસની સતત પ્રક્રિયાને ધ્યાને લઇ હજુ પણ ગ્રામ્ય વિસ્તારમાં નવતર વિકાસના કામો થાય તે જરૂરી છે. તે માટે રાજ્યના ગામડાના મુળ વતની અથવા ગામ માટે લાગણી ધરાવતી વ્યકિત જે જિલ્લા / રાજ્ય / દેશ બહાર વસવાટ કરતી હોય અને તેના આર્થિક ઉપાજનમાંથી પોતાના માદરે વતનને મદદરૂપ થવાની ઉત્કૃષ્ઠ ભાવના સાથે ગામમાં જરૂરી આવશ્યક વિકાસના કામો હાથ ધરવા પોતાના ગામ માટે દાન આપી શકે તો તે દાનની સાથે રાજ્ય સરકાર પણ ગામના વિકાસના કામોમાં સહભાગીતા દ્વારા ગામની વ્યક્તિ દ્વારા મળેલ દાન રકમ સામે તેટલી રકમ ગામને આપી સ્થાનિક જરૂરીયાત પ્રમાણે પાયાની માળખાકીય સુવિધાઓ ઉભી કરીને, ગામને સંપુર્ણ આદર્શ ગામ બનાવી શકાય એવા હેતુ સાથે ગામની પાયાની માળખાકીય સુવિધાઓમાં વધારો થાય તેવા કામો હાથ ધરી શકાય તેવી કલ્યાણકારી ભાવના સાથે "માદરે વતન" યોજના સરકારશ્રી દ્વારા અમલમાં મૂકવામાં આવી છે.



# પુરાતત્વવિદ શ્રી પી. પી. પંડ્યા

આપણાં પ્રાચીન સ્થળો વિશે તથ્ય આધારિત અને વૈજ્ઞાનિક ઢબે શોધખોળ અને સંશોધન થાય તો આપણી ભાવિ પેઢીઓ સુધી ભૂતકાળનો વૈભવ લઇ જઇ શકાય. દુનિયાભરના લોકો આવા કાર્યોમાં રસ લે છે અને તેના પરિણામોને જોવા-જાણવાની ઉત્સુકતા પણ છે. આથી આવા કાર્યોની અગત્યતા, તેના મહત્વ વિશે હવે ભાગ્યે જ કંઇ કહેવાનું રહે છે. આવા સ્થળોની યોગ્ય જાળવણી કરીએ તો દેશના - વિદેશોના કેટલાય લોકો તેની મુલાકાત અને અભ્યાસ માટે આવે તે સ્વાભાવિક છે. આ બાબત તરફની આપણી જાગૃતિ થોડા વર્ષોમાં વધી છે. ગુજરાતમાં પુરાતત્વના અવશેષો શોધવામાં શ્રી પી. પી. પંડ્યાએ પોતાનું જીવન હોમીને ખોવાયેલા વારસાની શોધ કરી છે.

શ્રી પુરૂષોત્તમ પ્રેમશંકર પંડ્યા – પી. પી. પંડ્યા આપણા એવા ઘરદીવડા છે કે જેમણે તેમના ખૂન-પસીનાને એક કરી આપણી દટાયેલી-ખોવાયેલી અસ્મિતાને ઝળહળતા પ્રકાશમાં લાવવાનું કાર્ય કર્યું છે. કોઇ એક વ્યક્તિ અને તેનું આવું મોટું સંશોધન એ કદાચ એક અદ્વિતિય ઘટના છે. ભલે આ કામ તેમણે પોતાના સેવાકાળના ભાગ તરીકે કર્યું હોય પરંતુ અસાધારણ ધ્યેયલક્ષિતા સિવાય આવું પરિણામ મળે નહિ. આદિ ગુરૂ શંકરાચાર્ય તથા વિશ્વ પ્રસિધ્ધ સંન્યાસી વિવેકાનંદ જેમ ટૂંકા આયખામાં મોટા અને મહત્વના કાર્યો કરતા ગયા તે રીતે જ પંડ્યા સાહેબ પણ ચાર દાયકાથી પણ ઓછા આયખામાં જીવતર ઉજાળીને ગયા. ભાવિ સમાજની અનેક પેઢીઓ માટે મહામૂલ્ય વારસો પોતાના સંશોધન થકી મૂકતા ગયા. લોથલની ધોળાવીરા (કચ્છ)ની શોધ જેમ પુરાતત્વના અભ્યાસમાં ઝળહળતી છે તેમજ ‘ખંભાલિડાની બૌધ્ધ ગુફાઓ’ આપણો ભવ્ય વારસો છે. સમ્રાટ અશોકના સમય સુધી જેનું પગેરું પહોંચતું હોય તેવા સ્મારકો આપણી રાષ્ટ્રીય મૂડીમાં ઉમેરો કરનારા છે. તેનું મૂલ્ય અદકેરું છે. બહુ જ અર્થસભર રીતે પંડ્યા સાહેબનું જીવનકાર્ય વર્ણવતા પુસ્કતનું નામ ‘મધ્યાન્હે સૂર્યાસ્ત’ આપવામાં આવ્યું છે. ખંભાલિડાની બૌધ્ધ ગુફાઓ અંગેની જાણકારી આપતી નાની પણ માહિતીસભર પુસ્તિકા ‘સૌરાષ્ટ્રના પ્રાચીન બૌધ્ધ સ્મારકો’ના નામથી પ્રસિધ્ધ કરવામાં આવી છે. બંને પ્રકાશનો સિસ્ટર નિવેદિતા પબ્લિકેશન તરફથી કરવામાં આવેલા છે.

રાજકોટ પાસેના કોટડા-સાંગાણી ગામે ૮ નવેમ્બર ૧૯૨૦ના રોજ જરીફ અધિકારી (જમીન માપણી અધિકારી) તરીકે સેવા આપતા પ્રેમશંકર પંડ્યાના બીજા સંતાન તરીકે પુરુષોત્તમ પંડ્યાનો જન્મ થયો હતો. પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ કોટડા અને જેતપુરમાં પુરું કરી ૧૯૩૮માં મેટ્રિક થયા. ૧૯૩૯માં રાજકોટમાં ગાંધીજીના ઉપવાસ આંદોલનમાં જોડાયા. ફરી અભ્યાસ શરૂ કર્યો અને ૧૯૪૫માં બી.એ. થયા. તેઓએ મુંબઈ યુનિવર્સિટીમાં પુરાતત્વ શાસ્ત્રનો અભ્યાસ કર્યો જ્યાં તેઓ આ વિષયમાં પ્રથમ નંબરે આવ્યા હતા. સ્વાતંત્ર્ય પ્રાપ્તિ સાથે એમની પુરાતત્ત્વ સંશોધક તરીકેની કામગીરી શરૂ થઈ. ૧૯૪૮માં સૌરાષ્ટ્રનું સ્વતંત્ર રાજ્ય અસ્તિત્વમાં આવતા ૧૯૫૦થી પી.પી. પંડ્યા જામનગરના મ્યુઝિયમમાં ક્યુરેટર તરીકે જોડાયા.


ખંભાલિડાની ગુફાઓ

૧૯૫૦માં જામનગર મ્યુઝિયમમાં જોડાયા ત્યારે કેન્દ્ર સરકારના પુરાતત્ત્વ ખાતા દ્વારા બી. કે. પાથર જામનગર પાસેના વસઈનું ખોદકામ કરાવતા હતા. પી.પી. પંડ્યાને પોતાના આરંભના કાળમાં જ આદ્ય ઇતિહાસની ગંધ આવી ગઈ અને સમય મળતા તેમણે ઓખા મંડળના વસઇ ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું. ખોદકામમાં મળેલા અવશેષો પરથી તેમણે ઓખા મંડળમાં ખૂબ પ્રાચીન વસાહત હોવાનું મંતવ્ય રજૂ કર્યું. આગળ જતાં તેઓ સૌરાષ્ટ્ર રાજ્યના પુરાતત્વ વિભાગના વડા બન્યા. તેમણે દ્વિભાષી મુંબઈ રાજ્ય બનતા સૌરાષ્ટ્ર-કચ્છ-ગુજરાત-મુંબઈ શહેર વિસ્તારના વડા તરીકે પણ કાર્ય કર્યું હતું. ૧૯૬૦ સુધીના દસ વર્ષમાં સો વર્ષનું કામ પી.પી. પંડ્યાએ એકલા હાથે કરી બતાવ્યું. ૨૬ વર્ષની ઉંમરે એમની પુરાતત્ત્વ ક્ષેત્રે ઉજ્જવળ કારકિર્દી શરૂ થઈ હતી. ૩૯ વર્ષની નાની ઉંમરે ૧૨ ફેબ્રુઆરી ૧૯૬૦ના રોજ એમની જીવનલીલા સંકેલાઈ ગઈ હતી.

પોતાની કારકિર્દીના દસ વર્ષના ટૂંકા ગાળામાં એમણે બે હજાર કિલોમીટર સંશોધનાત્મક પગપાળા યાત્રા કરી હતી અને પ્રાગૈતિહાસિક, આદ્યઐતિહાસિક તેમજ ઐતિહાસિક સમયના ૨૦૦ જેટલા સ્થળ શોધી કાઢ્યા હતા. તે સમયે પાશ્ચાત્ય વિદ્વાનોએ સૌરાષ્ટ્રને પુરાતત્વની દ્રષ્ટિએ બંધીયાર પ્રદેશ જાહેર કર્યો હતો. એટલે કે સૌરાષ્ટ્ર પ્રદેશને પ્રાચીન સંસ્કૃતિ વગરનો પ્રદેશ ગણાવ્યો હતો જેને પી. પી. પંડયાએ ખોટો મત સાબિત કરી મધ્યકાલીન પાષાણયુગના પાંચ સ્થળો શોધી કાઢ્યા હતા અને આદિમાનવની હયાતિ પણ સિધ્ધ કરી બતાવી હતી. આ ઉપરાંત તેમણે લઘુપાષાણ ઓજારો બનાવતા માનવના પાંચ સ્થળો, હરપ્પન સંસ્કૃતિના ૬૫ ટીંબાઓ, પંદરસો વર્ષ પૂર્વેની પ્રાચીન ક્ષત્રપકાલિન ૧૧૦ વસાહતો અને મૈત્રક કાલિન મંદિરો પણ શોધ્યા હતા. પ્રભાસ પાટણ ક્ષેત્રમાં ઉત્ખન્ન કાર્ય કરી ઇ.સ. પૂર્વ ૧૨૦૦થી ઇ.સ.ની છઠ્ઠી સદી સુધીના ૧૮૦૦ વર્ષની સળંગ કડીઓ શોધી આદ્યઐતિહાસિક કાળથી ગુપ્તકાળ સુધીનો સાંસ્કૃતિક ઇતિહાસ રજુ કર્યો હતો. તેમણે રાજકોટ જિલ્લાના રોજડી (શ્રીનાથગઢ) ખાતે ઉત્ખલન કરી હડપ્પા સમયનું ૪૫૦૦ વર્ષનું પ્રાચીન કિલ્લેબંધ નગર શોધ્યું. અને ખાસ તો સૌરાષ્ટ્રના ખંભાલિડા ખાતે આવેલ સુપ્રસિદ્ધ ૧૮૦૦ વર્ષ પ્રાચીન બૌદ્ધ ગુફા શોધી જે શિલ્પો ધરાવતી ગુજરાતની એકમાત્ર બૌદ્ધ ગુફા છે. આ ઉપરાંત કચ્છ-સૌરાષ્ટ્ર સહિત સમગ્ર ગુજરાતના શિલ્પ સ્થાપત્યનો અભ્યાસ કરી ગુજરાત શૈલીના મંદિરોના ઉદભવ અને ઉત્ક્રાંતિ અંગેનો ગહન અભ્યાસ કરી પુસ્તક પ્રકાશિત કર્યુ હતું. પુરાતત્વ કાર્ય માટે થઇ તેમણે ભારત સરકારના પુરાતત્વ વિભાગમાં આસી. સુપ્રીન્ટેડન્ટના ઉચ્ચ હોદ્દાનો પણ અસ્વિકાર કરી દીધો હતો.

પુરાતત્વીય ઉત્ખનન - સંશોધનનું ક્ષેત્ર અભ્યાસ અને જાણકારી ઉપરાંત પુષ્કળ ધીરજ અને પધ્ધતિસરનું સાતત્ય માંગી લે છે. પંડ્યા સાહેબે તેમના સેવાકાળ દરમિયાન સૌરાષ્ટ્રના જૂના સોરઠ (જૂનાગઢ) તથા હાલાર (જામનગર) જિલ્લાઓનો પગપાળા પ્રવાસ કર્યો. ટાંચા સાધનો તથા મર્યાદિત વ્યવસ્થા વચ્ચે પણ તેમની સંશોધકની આંખ ધરતીમાં ધરબાયેલી સમૃધ્ધિના અવશેષો જોઇ શકી. તેમણે કેટલાયે સંશોધન નિબંધો લખ્યા જે પ્રતિષ્ઠિત સામયિકોમાં પ્રકાશિત થયા જેથી દેશના આ વિષયના અનેક તજજ્ઞો-સંશોધકોનું ધ્યાન આપણી ધરતીના આ મોંઘેરા વારસા તરફ ખેંચાયું. આ સર્વેક્ષણ-સંશોધન બાદ વૈજ્ઞાનિક ઢબે તેના તારણો જગત સમક્ષ પ્રસ્તુત કરવા માટે ભારત સરકારના આર્કીઓલોજી વિભાગના વડા શ્રી એ. ઘોષ તથા ડૉ. એચ. ડી. સાંકળિયા જેવા વિષય નિષ્ણાતોએ તેમને વધાવ્યા તે બાબત તેમના સંશોધનમાં રહેલી ગુણવત્તા દર્શાવે છે.


પુરાતત્વિય કાર્ય કરી રહેલા શ્રી પી. પી. પંડ્યા











આ કાર્યમાં તેમણે સમાજના જાગૃત તથા આ વિષયમાં રસ લેતા લોકોને જોડવાનો પ્રયાસ પણ કર્યો જે તેમની દીર્ઘદ્રષ્ટિ સાબિત કરે છે. આવા કાર્યોમાં સરકાર સાથે સમાજને જોડીને જ તેને વિશેષ પરિણામલક્ષી બનાવી શકાય તે વાત તેઓ બરાબર સમજતા હતા. આજ રીતે સંશોધનના આવા વૈજ્ઞાનિક કાર્યમાં વિદ્યાર્થીવર્ગને જોડવાની પણ તેમની તાલાવેલી હતી. જો કે સમયના અભાવે એ બાબતમાં નોંધપાત્ર પ્રગતિ ન થઇ શકી પરંતુ પંડ્યા સાહેબની ઊંડી સૂઝ તેવા પ્રયાસોમાં જોવા મળે છે. તેમણે પાંચ-સાત વર્ષના ટૂંકા ગાળામાં પોતાના સક્રિય યોગદાનથી જે કાર્ય કર્યું તે પાંચ દાયકામાં પણ કરવું મુશ્કેલ જણાય તેવું છે! ગાંધીવિચારની અસરથી દિક્ષિત થયેલા આ મહામાનવે પોતાના કાર્યમાં નિષ્ઠા અને ભક્તિ ઉમેરીને નૂતન ક્ષિતિજો સર કરી. ટીંબાઓ, મંદિરો, ગુફાઓ જેવા અનેક ક્ષેત્રો પંડ્યા સાહેબે તેમના સંશોધનકાર્યમાં ખૂબીપૂર્વક આવરી લીધા છે. જે પ્રાચીન વસાહતો ભાદર તેમજ અન્ય નદીઓના કાંઠે વસેલી તે વિગતો તેમના ધ્યાનમાં સંશોધન થકી આવી. તેનું તેમણે ભાવિ સંશોધન માટે સુરેખ દસ્તાવેજીકરણ પણ કર્યું. એમના જીવનનો છેલ્લો દાયકો સતત સૌરાષ્ટ્રની પ્રાચીન સંસ્કૃતિઓની શોધખોળમાં ગયો જેના પરિણામ પણ આજે આપણી નજર સામે છે. ૧૯૬૦માં પોતાની તબિયત નાજુક હોવા છતાં મોરબી પાસેના હજનાળી નામના ગામની સીમમાં આવેલા ‘બીબીનો ટીંબો’ નામથી ઓળખાતા સ્થળનું ઉત્ખનન ચાલતું હતું અને તેમની ચિરવિદાયનો સમય આવી ગયો.

માત્ર ૩૯ વર્ષની ઉંમરમાં સંસારને અલવિદા કહેનાર આ વ્યક્તિ વિશેષે કુટુંબની ચિંતા પણ ફરજને પ્રાથમિકતા આપીને અવગણી હતી તેમ લાગે. ખરા અર્થમાં આ ક્ષેત્રમાં શહિદી વહોરનાર ચિરનિંદ્રામાં પોઢી ગયા ત્યારે નજીવું બેંક બેલેન્સ તથા કાચી ઉંમરના સંતાનો છોડીને ગયા. કદાચ કુદરતે જ આ કુટુંબીજનોને ઝઝૂમીને જીવવાની તાકાત પૂરી પાડી હશે. જો કે મહામહોપાધ્યાય કે. કા. શાસ્ત્રી તથા ડૉ. સાંકળિયા જેવા મુરબ્બીઓએ તેમજ પુરાતત્વ ખાતાના તે સમયના વરિષ્ઠ અધિકારીઓએ કુટુંબને હૈયાધારણ આપવાના, ટેકો આપવાના સહજ કાર્યો સામે ચાલીને જરૂર કર્યા. પરંતુ પંડ્યા સાહેબની ખોટ કુટુંબ માટે કે સમાજ માટે પૂરી શકાય તેવી ન હતી. પંડ્યા સાહેબના પુત્રોએ પણ ખંભાલિડાની ગુફાઓના સંરક્ષણ માટે વિવિધ સત્તામંડળો, સરકાર પાસે સક્રિય રજૂઆતો કરીને તે અંગેના સુયોગ્ય પગલાં લેવાય તે માટેના સફળ પ્રયાસો કર્યા. આ ગુફાઓના શિલ્પો જે જીર્ણશીર્ણ સ્થિતિમાં છે તે ત્રીજા સૈકાના ગુજરાતની શિલ્પ સમૃધ્ધિ દર્શાવે છે તેવું પંડ્યા સાહેબનું મહત્વનું પ્રતિપાદન છે.

૨૭ સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ ઉના પાસે મચ્છુન્દ્રીના કિનારે, દ્રોણેશ્વર મહાદેવ તથા હનુમાનજી મહારાજની સાનિધ્યમાં પવિત્ર પુરુષોત્તમ માસમાં ચાલી રહેલ ઓનલાઇન કથા પ્રસંગે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીયકક્ષાએ આદરપાત્ર સ્થાન ધરાવતા પૂજ્ય સ્વામી માધવપ્રિયદાસજી અને સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યાલય દ્વારા શ્રી પી. પી. પંડ્યાને પુરાતત્વ મહારત્ન એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. એવોર્ડનો સ્વીકાર પંડ્યાસાહેબના પુત્ર કવિ શ્રી પિયૂષ પંડ્યાએ કર્યો હતો.

પંડ્યાસાહેબ સમગ્ર ભારતના શ્રેષ્ઠ પુરાતત્ત્વવિદ હોવા છતાં મહત્ત્વની વાત એ છે કે એમણે સૌરાષ્ટ્રની ધરતીને પોતાની કર્મભૂમિ બનાવી. સૌરાષ્ટ્રના કાળના ગર્તામાં સમાયેલ હજારો વર્ષના ઇતિહાસને એમણે ઉજાગર કર્યો હતો. પોતાની કારકિર્દીના કુલ ચોવીસ વર્ષના ટૂંકા ગાળામાં કલ્પી ન શકાય એટલા સંશોધનો કરનાર અને સૌરાષ્ટ્રની પ્રાચીનતમ સંસ્કૃતિને સમગ્ર વિશ્વમાં ઉજાગર કરનાર પંડ્યાસાહેબ પુરાતત્ત્વ વિભાગના મહાન ઋષિ હતા. પુરાતત્વના મહત્વના ક્ષેત્રમાં ચીલો ચાતરીને જગતને નૂતન દર્શન કરાવનાર પી. પી. પંડ્યા આપણી મોંઘેરી મૂડી સમાન છે.

(Sources & Photo Courtesy : Gujarat Samachar, https://vasantsgadhavi.wordpress.com, www.loksattanews.co.in, www.swaminarayangurukul.org, https://upload.wikimedia.org, https://sureshbjani.files.wordpress.com, https://archaeologist-pp.com)



**ખંભાલિડાની ગુફાઓ**

# કચ્છની કમાંગરી કલા



આજના કમ્પ્યુટર અને આધુનિક પ્રિન્ટિંગ ટેક્નૉલૉજીના હાઈટેક યુગમાં વર્ષોથી ચાલી આવતી કેટલીક પરંપરાઓ વિસરાતી જાય છે. પરંપરાગત કલા-ચિત્રકામ શૈલીઓને આજકાલનો સ્કેનર-ગ્રાફિકસ યુગ જાણે ગળી ગયો છે. આવી કેટલીક શૈલીઓ હવે તો માત્ર તસવીરો, પ્રાચીન મંદિરો કે મ્યુઝિયમમાં જ મોટાભાગે જોઈ શકાય છે. આમ તો કલા હંમેશાં શાશ્વત છે, તેનો નાશ કે લોપ થતો નથી એવું કહેવાય છે પણ તે માટે તેની જાળવણીની સાથે સાથે પેઢી દર પેઢી તેનો વારસો સચવાઇ રહે તે જોવું જરૂરી બને છે.

કચ્છ એ સાહસિક વેપારીઓ અને કલાકારોથી ભરપૂર પ્રદેશ છે. કચ્છની મૂળ કલાકારીગરી અને હસ્તકળામાં મોતીના બીડવર્ક, મશરૂ વણાટ, બાંધણી તેમજ વિવિધ પ્રકારના ભરત-ગૂંથણ અને તેમના રહેણાંકના સ્થળોના સુશોભનનો સમાવેશ થાય છે. કચ્છની મુશ્કેલ પરિસ્થિતીઓ છતાં પણ કચ્છના રહેવાસીઓએ પોતાની કલાકારીગરી પ્રત્યેની સૂઝ ખૂબ જ ઉત્સાહપૂર્વક રજૂ કરી છે.

કચ્છની કમાંગર કલા ચિત્રશૈલી પણ શાશ્વત કલા કહી શકાય. કચ્છમાં ચિત્રકારને ‘કમાંગર’ અને ચિત્રકળાને ‘કમાંગરી’ કહે છે. રાજાશાહીના કચ્છ રાજ્યમાં કમાંગરી કળાનું વિશેષ ચલણ હતું. રાજાશાહી ઈમારતો, રાજ્ય તાબાની કચેરીઓ, મંદિરો વિગેરેમાં કમાંગર કલાકારો દ્વારા દોરાયેલાં ભીંતચિત્રો એ હવે કચ્છ માટે ભૂતકાળ બની ગયાં છે. તેમાંય કચ્છમાં ૨૦૦૧માં ભૂકંપ આવ્યો ત્યારે ભુજમાં કોટ અંદરનો વિસ્તાર મોટાભાગે ધ્વંસ થઈ ગયો ત્યારે જૈન દેરાસરો સિવાય ભુજમાં કયાંય પણ આ કળાના નમૂના જોવા દુર્લભ બની ગયા છે. ભુજના નાગર ચકલામાં આવેલી એક ભગ્નાવેશ ડેલી જેને રાજાશાહી વખતમાં ‘ગાડું’ કહેવાતું, એ ડેલીના રાજાશાહી વખતના ભવ્ય પણ ભગ્ન થયેલા દરવાજા ઉપરની બારસાખમાં આ કળાના કેટલાક નમૂનાઓ જોવા મળે છે. મૃતઃપ્રાય થયેલી આ કમાંગરી કલા દ્વારા દોરાયેલાં ચિત્રોમાં વૈષ્ણવપંથી હવેલીમાં આરતી થતી હોય એવું દશ્ય જોવા મળે છે. ઉપરાંત જ્યેષ્ઠી જ્ઞાતિના મલ્લો દ્વારા થતી કુસ્તીનું ચિત્ર પણ દેખાય છે. આ કળા દ્વારા રાજાશાહીના સમયનાં પ્રતિકાત્મક ચિત્રો લગભગ દરેક ઘરો અથવા મહોલ્લામાં દોરાતાં હશે એવું લાગે છે. જોકે ત્રણસો-ચારસો વર્ષ પહેલાંના દરવાજાઓ, મહોલ્લા પરનાં ભીંતચિત્રો એ કાળની થપાટે હવે જોવા મળતા નથી, એટલે આવી કળાના અંશો કે નમૂના અલભ્ય છે. ભીંતચિત્રો ઉપરાંત પોથીચિત્રો, પટ્ટચિત્રો તેમજ કાગળ ઉપર પણ ચિત્રો આ શૈલીમાં અવતર્યાં છે. કમાંગરી શૈલીમાં લય, રચના, વસ્તુવિચાર, સુઘડતા, રેખાંકન અને પ્રમાણભાન સરાહનીય છે. ઘાટા તેજસ્વી રંગો, ગતિશીલતા અને કચ્છની આગવી ભાત પાડતી ભરતકામ જેવી બુટ્ટીઓ ચિત્રોની મુખ્ય ખાસિયતો દર્શાવે છે.

ભીંત ઉપરાંત છત પર લાગેલ છાપરા ઉપર ચિત્રો કરવાનો ચાલ હતો. કમાંગર શૈલીનાં ચિત્રોની અસર અન્ય કળાઓ ઉપર થતાં દાગીનામાં



# આપણો વારસો



અને હાથીદાંતની બંગડીઓ ઉપર નકશીકામની માંગ વધી. ચાંદીનાં વાસણો, ભરતગૂંથણ અને રાચરચીલામાં કમાંગરી નકશીવાળા નમૂના પણ કચ્છમાં સચવાયા છે.

કમાંગરી કળાની વાત કરીએ તો કમાંગરી પ્રક્રિયામાં પહેલાં ચૂનો અને ચિરોડી મેળવી તેના લીંપણથી ભીંતને ચકચકિત કરવામાં આવતી. ત્યારબાદ તેના પર ખજૂરીના કૂણા પાનની પીંછીઓ વડે ઝીણી ડિઝાઇનો આલેખી તેમાં ભભકાદાર રંગો પુરાતા. સ્થાનિક જૈવિક રંગો માટે પથ્થર, ખનિજ, વનસ્પતિ, સરેશ, ગૂગળ અને ગુંદર મેળવાતા. માટી, ગૌમૂત્ર, ગેરુ, સિંદૂર, પાણીની શેવાળ, ગળી અને મોરથૂથુનો ઉપયોગ છૂટથી થતો. માનવ આકૃતિઓ, પશુ-પક્ષીઓ, ફૂલ-વેલીઓ, લડતા મલ્લો, પાણિયારી જેવા વર્ણ્ય વિષયો રહેતા.

ચિત્રોના વિષયોની વિવિધતામાં રોજિંદા જીવનનો ક્રમ, રામાયણ - મહાભારત જેવાં મહાકાવ્યોના પ્રસંગો, ગજયુદ્ધ અને હરણોના શિકાર સહિતનાં કલાત્મક ચિત્રાંકનો અનેક સ્થળોએથી પ્રાપ્ત થયા છે. ભવ્યતા ઉપરાંત કલ્પનાત્મકતા ચિત્રોનો પ્રાણ છે. રાજવી શોભાયાત્રામાં શોભતા ઊંટ અને હાથી તથા માતા-શિશુના ચિત્રમાં રાજપુત અને મુગલ ચિત્રશૈલીની છાંટ જોવા મળે છે.

ભારાપર ગામના સૂજાબાના ગઢમાં, ભુજના આયના મહેલમાં, અંજારના મેકમર્ડોના બંગલામાં, બિબ્બર ગામના મંદિરોમાં કમાંગરી કળાના નમૂના આજેય જોઈ શકાય છે. કચ્છના પાટનગર ભુજમાં એક સમયે દ્વારકાધીશના મંદિરમાં, આશાપુરા મંદિરમાં આ કળા જોવા મળતી, પરંતુ ભૂકંપમાં આ મંદિરો ક્ષતિગ્રસ્ત થતાં નમૂનારૂપ ચિત્રો પણ જોવા મળતાં નથી. જોકે દેરાસરોમાં કમાંગરી ભીંતચિત્રો જોવા મળે છે.

અનેક લોકકળાઓથી કચ્છની સંસ્કૃતિ સમૃદ્ધ બનેલી છે. કમાંગર શબ્દ અને કલા કચ્છમાં ક્યાંથી આવ્યા એ અંગે અનેક લોકવાયકા છે. એવું કહેવાય છે કે કમાંગર શબ્દના મૂળમાં પર્શિયન શબ્દ ‘કમાન’ સંસ્કૃત શબ્દ ‘બાણ’ પરથી આવ્યો છે. આવા કમાનનાં ચિત્રો દોરતા કલાકારો એટલે ‘કમાંગર’. સંસ્કૃત શબ્દ કર્મકાર ઉપરથી પણ આ શબ્દ આવ્યો હોઇ શકે તો એક મત મુજબ કમાંગરનો મૂળ શબ્દ કર્મક અગ્ર એટલે કે સારા કામમાં આગળ એવો પણ થઈ શકે.



મુંબઈ રાજ્યના પ્રસિદ્ધ ૧૮૮૦ના ગેઝેટ પ્રમાણે સોળમી સદીના ઉત્તરાર્ધમાં હથિયારો બનાવનાર કેટલાક કારીગરો સિંધ થઈને દિલ્હીથી કચ્છ આવી વસ્યા. રાજ્યના પાયદળ માટે બાણ, ધનુષ, ઢાલ જેવા સામાન્ય હથિયારો બનાવનાર આ હુન્નરવિદો પૈકી બાણ બનાવનાર વિશિષ્ટ કારીગરો હતા, તેમણે પોતાનાં હથિયારો માટે પોતાની કળાની જુદી જુદી ડિઝાઇનો દર્શાવવા કેટલાક વિશિષ્ટ રંગો સાથેનાં ચિત્રો બનાવ્યાં. ઊપસી આવે તેવા આકર્ષક બોર્ડર સાથેના યુદ્ધ અને શિકાર પ્રવૃત્ત દર્શાવતાં આ ચિત્રો ખૂબ જ આકર્ષક બનવા લાગ્યા. ધીમે ધીમે એ કળા તરીકે વિખ્યાત થવા લાગ્યા. અન્ય માન્યતા પ્રમાણે કામ(કાર્ય)ને કચ્છી ભાષામાં ‘કમ’ કહેવાય છે. કામ કરનાર અપભ્રંશ કમાંગર થયું. જોકે તે માત્ર ચિત્રો બનાવનાર માટે જ વપરાયું તે જુદી વાત છે.

દોઢસો વર્ષ પુરાણાં ભીંતચિત્રો કચ્છના કમાંગર કોમના કલાકારોના શાસ્ત્રીય સ્પર્શથી સફળતાના શિખરને સ્પર્શી શક્યા છે. મૂળ તો ઉત્તર ભારતથી કચ્છ આવેલા આ કમાંગર કલાકારો મુસ્લિમ હતા. તેઓ આકર્ષક ચિત્રકામવાળા ધનુષ્ય બનાવતા. તેઓ ચામડાની ઢાલ અને રમકડાં બનાવતા અને શુભ પ્રસંગે લોકોના ઘરમાં હાથી, ઘોડા, વૃક્ષો, પક્ષી વગેરે ચીતરી આપી ગુજરાન ચલાવતા. કમાંગરી ચિત્રકારી લોકપ્રિય થવાથી તેમાં હિંદુ ચિત્રકારો પણ ભળ્યા. સરકારી નોંધ મુજબ આ કલા રાજા લાખાજી બીજાના કાર્યકાળ દરમ્યાન વિકસી. સમૃદ્ધ વારસાને શ્રીમંતો અને રાજ્યનો આશ્રય મળેલો. કચેરીઓ, રહેઠાણ અને ધર્મસ્થાનની લીંપેલી ભીંતો ઉપર ખાસ પ્રક્રિયા કરવામાં આવતી જેથી તે લાંબો સમય ટકે. પૌરાણિક વિષયો પછી બ્રિટિશરોના આગમનને કારણે નવા વિષયો તેમાં ઉમેરાતા ગયા. કુદરતી સૌંદર્યને રેખાચિત્રોમાં ઢાળ્યું.





કચ્છના મહારાજાઓ શ્રાવણ મહિનામાં નાગપંચમી નિમિત્તે ભુજના ઐતિહાસિક ભૂજિયા ડુંગર પરના ભૂજંગ દેવના મંદિરે પૂજા કરવા રસાલા સાથે જતા એ સળંગ ચિત્રો કમાંગરી કલામાં બનાવવામાં આવ્યાં છે. આ સળંગ રોલ કરી શકાય તેવા કાપડ ઉપરનું ૧૫ મીટર લાંબું અને ૨૨ સેન્ટિમીટર પહોળું ચિત્ર આયના મહેલમાં મુકાયું છે. રંગાયેલા હોઠવાળાં પૌરાણિક પાત્રો, રાસમંડળ, મહારાજા ખેંગારજીનો લગ્નપ્રસંગ, અતિ સુંદર ઝીણી ભાતવાળી દાડમડી, માતા ત્રિશલાનાં ચિત્રોને ઈંગ્લેન્ડ અને જર્મનીનાં સંગ્રહાલયોમાં પણ સ્થાન મળ્યું છે. હાલ અબડાસાના સાંધાણ, આરીખાણા જેવા ગામોમાં આ કલાના અવશેષો હજુયે જીવંત છે.

(Sources & Photo Courtesy : www.gujaratimidday.com, www.divyabhaskar.co.in, https://ramaarya.blog)